ચંદ્રકાન્ત મહેતા

ૐ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ



શ્રી તત્વાર્થાધિગમ સુત્ર

અધ્યાય - ૧

સુત્ર ૧-૩૩ થી ૧-૩૪

## ૧- ૩૩ સદસતોરવિશેષાદ યદૃચ્છોપલબ્ધેરુન્મત્તવત

સત + અસતઃ + અવિશેષાત યદૃચ્છા + ઉપલબ્ધિ + ઉન્મત્ત + વત

સત પદાર્થ અને અસત પદાર્થની વિશેષતા ( અથવા તફાવત ) ન સમજી શકવાથી, તથા પોતાની ઇચ્છા ( યદૃચ્છા ) પ્રમાણે અર્થ કરવાથી ( ઉપલબ્ધિ ), ગાંડા માણસની જેમ (ઉન્મત્તવત) મિથ્યાદ્રષ્ટિને થતું જ્ઞાન પણ અજ્ઞાન જ રહે છે. મિથ્યાદ્રષ્ટિ આત્મા, રાગદ્વેષની તીવ્રતા અને આત્માના <u>અજ્ઞાનને લીધે</u>, જ્ઞાનનો ઉપયોગ માત્ર એક નય પકડીને (એકાંતવાદ ) ફકત સંસારિક વાસનાની પુષ્ટિમાં કરે છે એ ( .... ~~છે છે~~. કારણકે તેનું જ્ઞાન અજ્ઞાન છે.

હવે પછીની છેલ્લી બે ગાથામાં જુદા જુદા "નય" નું સ્વરૂપ વિસ્તાર્થી પૂ. ઉમાસ્વાતિજી સમજાવે છે.

## ૧- ૩૪ નૈગમ - સંગ્રહ - વ્યવહારર્જુસુત્રશબ્દા નયઃ

નૈગમ, સંગ્રહ, વ્યવહાર, ઋજુસૂત્ર. અને શબ્દ એ પાંચ "નય" છે. "નય" એટલે વસ્તુને જોવાની દ્રષ્ટિ. સૂત્ર ૧ - ૬ માં નય અને પ્રમાણનું વિવેચન છે. વસ્તુમાં રહેલા અનેક ધર્મોમાંથી બીજાને ગૌણ કરી માત્ર એક ધર્મથી (ગુણધર્મથી ) વિચારવું તે "નય" અને પરસ્પર વિરૂધ્ધ હોવા છતાં બધા ધર્મોથી એટલેકે સમગ્રતાથી વિચારવું તે અનેકાંતવાદ. જૈન ધર્મ "અનેકાંતવાદ" માં માને છે. તેનું બીજુ નામ છે સાપેક્ષવાદ, અથવા અપેક્ષાવાદ અથવા સ્યાદ્‌વાદ. નય ના ઘણા પ્રકારો છે. મુખ્ય ૭ છે. આ સુત્રમાં પાંચ પ્રકાર દર્શાવ્યા છે. ૩૫મા સૂત્રમાં બીજા પેટા ભેદ આવશે.

<u>નૈગમ નય :</u> નૈગમનયનો વિષય વિશાળ છે. આ "નય" વસ્તુને સામાન્ય રીતે અને વિશેષ રીતે બંનેને ક્યારેક ગૌણભાવે તો ક્યારેક મુખ્યભાવે જુએ છે.

<u>સંગ્રહ નય :</u> સંગ્રહ નયનો વિષય નૈગમથી ઓછો છે. કારણકે તે માત્ર સામાન્યલક્ષી છે. દરેક વસ્તુમાં સામાન્ય અંશ અને વિશેષ અંશ બંને છે. સંગ્રહ નય, સામાન્ય અંશને ગ્રહણ કરે છે.

<u>વ્યવહાર નય :</u> વ્યવહાર નયનો વિષય સંગ્રહનયથી પણઓછો છે. કારણકે તે સંગ્રહનયે સંકલિત કરેલા વિષય ઉપર જ અમુક વિશેષતાઓને આધારે પૃથક્કરણ કરતો હોવાથી વિશેષગામી છે. ટૂંકમાં આ નય વિશેષ તરફ દ્રષ્ટિ કરીને દરેક વસ્તુને જુદી જુદી માને છે.

ટૂંકમાં ત્રણેય નયનું વિષયક્ષેત્ર ઉત્તરોત્તર ટૂંકુંથતું જાય છે.

<u>નૈગમ નય</u> : સામાન્ય અને વિશેષ બંનેને સ્વીકારે છે.

<u>સંગ્રહ નય :</u> કેવળ સામાન્યને સ્વીકારેછે.

<u>વ્યવહાર નય :</u> કેવળ વિશેષને સ્વીકારે છે. ત્રણેય કાળને સ્વીકારે.

<u>ઋજુસૂત્ર નય :</u> કેવળ વસ્તુની વર્તમાન અવસ્થાને સ્વીકારે છે. આ નય વસ્તુના વર્તમાન પર્યાય ને જ માને છે, ભૂતકાળના અને ભવિષ્યકાળના પર્યાયોને માનતો નથી.

<u>શબ્દ નય :</u> જે વિચાર શબ્દપ્રધાન બની તે પ્રમાણે અર્થ કરે તે શબ્દનય.

સ્યાદ્વાદ: વસ્તુમાં રહેલા ધર્મોને સમજાવવાની પદ્ધતિને સ્યાદ્વાદ કહે છે.

સાપેક્ષવાદ: જે જોવામાં આવે છે તે પૂર્ણ સત્ય નથી. અપેક્ષાએ સત્ય કહી શકાય.

અનેકાંતવાદ: દ્રવ્યના સર્વ ગુણોને લક્ષ્યમાં રાખીને સર્વાંગી અવલોકન કરવું.

એક જ વસ્તુમાં કે વ્યક્તિમાં જે પરસ્પર વિરોધી ધર્મ લાગે છે તે
હકીકતમાં પરસ્પર વિરોધી નથી. તમે કઈ દ્રષ્ટિથી ને અપેક્ષાથી જુઓ છો
તેના ઉપર આધાર રાખે છે. તે માટે અનેકાંતવાદ સમજવો જરૂરી છે.

અનેકાન્ત = અન્ + એક + અંત

અન્ એટલે નહિ, અંત એટલે પૂર્ણતા અથવા ધર્મ

એક જ પૂર્ણતા નહિ તે અનેકાંત : એકાંગી દૃષ્ટિનો(?) નિર્ણય નહિ પણ અપેક્ષાપૂર્વક વિચારવું એ તે અનેકાંતવાદ

કોઈપણ વસ્તુની પૂર્ણતા એક ધર્મથી નથી પણ અનેક ધર્મોથી છે.

અનેકાંતવાદ અને સ્યાદ્વાદ આમ એકસરખા લાગે છે, પરંતુ
અનેકાંતવાદને સમજવા માટે સ્યાદવાદ એક પદ્ધતિ છે.

દા.ત. પોપટલાલ જ્યાં નામના-યશ મળે છે ત્યાં દાન આપે છે (ઉદાર)
પોપટલાલ પોતાની જરૂરિયાત માટે એક એક પૈસાનો હિસાબ રાખે છે. (કંજૂસ)

હવે સ્યાદવાદથી કહેવું હોય તો;
પોપટલાલ ઉદાર છે અથવા પોપટલાલ કંજુસ પણ છે.
સ્યાદવાદ એ સમાધાનનો માર્ગ છે.

નય એટલે શું ? વસ્તુમાં રહેલા અનેક ધર્મોમાંથી કોઈ એક ધર્મનો બોધ કરાવે તે નય અથવા દ્રષ્ટિ, અપેક્ષા.

વસ્તુમાં રહેલા અનેક ધર્મોનો બોધ કરાવે તે અનેકાંતવાદ.

અનેકાંતવાદ ને મહેલ તરીકે લો તો નયો તેના પાયા છે.

જેટલી અપેક્ષાઓ તેટલા નયો. અપેક્ષાઓ અનંત છે માટે નયો પણ અનંત છે. સંક્ષેપ થી બધા નયોને મુખ્ય સાત નયોમાં વિભાજિત કર્યા છે.

(૧) નૈગમ (૨) સંગ્રહ (૩) વ્યવહાર (૪) ઋજુસૂત્ર (૫) શબ્દ
(૬) સમભિરૂઢ અને (૭) એવંભૂત

(1) નૈગમ નય: જેની અનેક દ્રષ્ટિઓ છે તે નૈગમ.

મુખ્ય ત્રણ ભાગમાં કરી શકાય 1) સંકલ્પ 2) અંશ 3) ઉપચાર

1) સંકલ્પ: ધારોકે તમે India જવાનો સંકલ્પ કર્યો. તમે Suitcase ભરતા હતા અને મુરશિદાબાદ આવ્યા. પૂછે કે ક્યાં જાઓ છો? તમે કહું India જાઉં છું.

ક્રિયા હજુ ચાલુ છે માત્ર તૈયારી થઈ રહી છે. આ નય કહે છે કે જ્યારથી સંકલ્પ કર્યો ત્યારથી સંકલ્પ પૂરો ન થાય ત્યાં સુધી બધી ક્રિયા સંકલ્પની કહેવાય.

2) અંશ: અંશનો પૂર્ણમાં ઉપચાર કરવો

કાર એક્સીડન્ટમાં બોનેટને ઘણું નુકશાન થયું — કહીએ કાર Total ગઈ.
ઉપરથી ગાજરના પગનો અંગુઠો દૂઝ્યો — કહીએ કે પગ ભાંગ્યો
મકાનનો એક ભાગ પડતા કહીએ — મકાન પડી ગયું
સાડી ઉપર ડાઘ કે કાણું કહીએ કે — સાડી બગાડી નાંખી
ધંધામાં થોડું નુકશાન આવ્યું — કહે કે સાફ થઈ ગયો — ડૂબી ગયો.

3) ઉપચાર: ભૂતકાળનો વર્તમાનમાં, ભવિષ્યકાળનો વર્તમાનમાં, કારણનો કાર્યમાં ઉપચાર કરવામાં આવે છે.

દિવાળીના દિવસે આપણે કહીએ "આજે દિવાળીના દિવસે ભગવાન ~~મહા~~ મહાવીર નિર્વાણ પામ્યા". જો કે આ ઘટનાને 2500 ઉપર વર્ષ થયા છતાં ભૂતકાળનો વર્તમાનમાં આરોપ કરીને આપણે કહીએ છીએ કે આજે નિર્વાણ પામ્યા.

કોઈ વ્યક્તિ રોજ આઠ-દસ જાતની દવા લેતી હોય તો કહેવાય છે કે આ વ્યક્તિ દવા પર જીવે છે.

દૂધપાક તૈયાર થઈ રહ્યો હોય અને કોઈ પૂછે કે આજે શું બનાવ્યું છે તો જવાબ મળે કે દૂધપાક બનાવ્યો છે. હકીકતમાં હજુ બન્યો નથી. પણ કહે છે કે બનાવ્યો છે. ભવિષ્યનો વર્તમાનમાં ઉપચાર કર્યો.

(૨) સંગ્રહ નય: જે નય સર્વ વિશેષોનો એક રૂપે, સામાન્ય રૂપે સંગ્રહ કરી લે તે સંગ્રહ નય. આ નયની દ્રષ્ટિ વિશાળ છે.
ગાય અને ઘોડા ભલે નામ જુદા પણ સંગ્રહ નય થી "જીવ" કહેવાય.
દૂધી, કાકડી, ભીંડા, કારેલા .... સંગ્રહ નય થી "શાક" કહેવાય.
Condominium, Bilevel, Apartment, Colonial ..... "ઘર" કહેવાય

(૩) વ્યવહાર નય: જે નય વિશેષ તરફ દ્રષ્ટિ રાખીને દરેક વસ્તુને જુદી જુદી માને તે વ્યવહાર નય.
આ નય કહે છે કે "be specific".. તે સિવાય વ્યવહાર ન ચાલે.
"શાક લઈ આવો" ...... ચોખવટ કરવી પડે કે ભીંડા લઈ આવો.
Pharmacy માં જઈને કહીએ કે "દવા" આપો ... તે enough નથી.
હવે તો દૂધ લાવવામાં પણ કહેવું પડે કે "2 % Fat વાળું લાવજે".

ટૂંકમાં નૈગમ નય સામાન્ય અને વિશેષ બંનેને સ્વીકારે
સંગ્રહ નય સામાન્યને સ્વીકારે
વ્યવહાર નય વિશેષને સ્વીકારે.

(૪) ઋજુસૂત્ર નય: આ નય વસ્તુના વર્તમાન પર્યાય (Present condition) ને જ માને છે. અતીત (Past) અને અનાગત (Future) પર્યાયોને માનતો નથી.
Father Rich હોય તો છોકરો Rich ના કહેવાય. પોતે કમાઈને Rich થાય ત્યારે જ Rich કહેવાય.

(૫) શબ્દ નય: શબ્દને પકડે. શબ્દ નય પ્રમાણે તીર્થંકર 23 કહેવાય. કારણ કે તીર્થંકર શબ્દ પુલ્લિંગ છે. મલ્લિનાથ તો સ્ત્રી (સ્ત્રી-લીંગ) પણ હતા.

(૬) સમભિરૂઢ નય: એક સરખા શબ્દના જુદા જુદા અર્થ કરે.
રાજા, ભૂપ અને નૃપ નો સામાન્ય અર્થ એક જ હોય પણ સમભિરૂઢ નય પ્રમાણે
રાજા = જે રાજચિહ્નોથી શોભે (બાદશાહી ઠાઠ)
નૃપ = જે માણસોનું રક્ષણ કરે
ભૂપ = જે પૃથ્વીનું પાલન કરે

(૭) એવંભૂત નય: આ નય શબ્દના અર્થ પ્રમાણે ક્રિયાને પકડે.

- પ્રોફેસર: જ્યારે ક્લાસમાં લેક્ચર આપે ત્યારે જ Prof. કહેવાય
  Actor: જ્યારે Acting કરતો હોય ત્યારે જ Actor કહેવાય
  ડાન્સર: જ્યારે Dance કરે ત્યારે જ કહેવાય.

x x

આ સાત નયોના સંક્ષેપમાં દ્રવ્યાર્થિક - પર્યાયાર્થિક, નિશ્ચય - વ્યવહાર, જ્ઞાન - ક્રિયા વગેરે વિભાગો છે.

દ્રવ્યાર્થિક - પર્યાયાર્થિક નય: દ્રવ્ય એટલે સામાન્ય અર્થાત મૂળભૂત પદાર્થ. પર્યાય એટલે વિશેષ અર્થાત મૂળભૂત પદાર્થની ભિન્ન ભિન્ન અવસ્થા.

દા.ત. મિઠાઈની દુકાનમાં મિઠાઈ મળે છે. આ દ્રવ્યાર્થિક નય. પરંતુ પેંડા, બરફી, ગુલાબજાંબુ મળે છે તે પર્યાયાર્થિક નય.

નિશ્ચય નય - વ્યવહાર નય: નિશ્ચય નય એટલે સૂક્ષ્મ દૃષ્ટિ અર્થાત તત્ત્વ દૃષ્ટિ. વ્યવહાર નય એટલે સ્થૂલ દૃષ્ટિ અર્થાત ઉપચાર દૃષ્ટિ.

સાધ્ય દૃષ્ટિ તે નિશ્ચય અને સાધન દ્વારા પ્રવૃત્તિ તે વ્યવહાર.

દા.ત. આત્મા શુદ્ધ - બુદ્ધ - મુક્ત છે તે નિશ્ચય નય થી કહેવાય. આત્મા કર્મથી મલિન છે અને સાધનાથી શુદ્ધ થઈ શકાય તે વ્યવહાર નય.

નિશ્ચય અને વ્યવહાર બંને જરૂરી છે. વ્યવહાર વડે નિશ્ચયની પ્રાપ્તિ થાય અને નિશ્ચય વડે વ્યવહારની શુદ્ધિ થાય.

સાધુ કોને કહેવાય?

નિશ્ચય નય: જો વ્યક્તિમાં ચારિત્રના પરિણામ દેખાય તે સાધુ. ભલે સાધુ વેશ ન હોય

વ્યવહાર નય: સાધુનો વેશ હોય અને સાધુની ક્રિયા કરે તે જ સાધુ

## ૧- ૩૫ આધશબ્દૌ દ્વિ ત્રિભેદૌ

આ સૂત્ર, આગળના ૩૪ મા સૂત્રના અનુસંધાનમાં સમજવાનું છે.આધ સાથે દ્વિ તથા શબ્દ સાથ ત્રિ નું જોડાણ છે. આધ એટલે પહેલા નૈગમ નયના બે ભેદ છે જ્યારે શબ્દ નયના ત્રણ ભેદ છે.

નૈગમનયના બે ભેદ ( ૧ ) સર્વપરિક્ષેપી એટલે સામાન્યગ્રાહી અને ( ૨) દેશપરિક્ષેપી એટલે વિશેષગ્રાહી.

શબ્દનયના ત્રણ ભેદ ( ૧ ) સાંપ્રત ( ૨ ) સમભિરૂઢ અને ( ૩ ) એવંભૂત. [સમભિરૂઢ નય શબ્દના અર્થને છૂટા પાડે છે. જ્યારે એવંભૂત નય શબ્દની ક્રિયાને પકડે છે.]

સામાન્ય રીતે ૭ પ્રકારના નય ગણાય : (૧) નૈગમ (૨) સંગ્રહ (૩) વ્યવહાર (૪) ઋજુસૂત્ર (૫) શબ્દ (૬) સમભિરૂઢ અને (૭) એવંભુત. આ સાત નયોના સંક્ષેપમાં દ્રવ્યાર્થિક - પર્યાયાર્થિક, નિશ્ચય અને વ્યવહાર, શબ્દ અને અર્થ, જ્ઞાન અને ક્રિયા વગેરે બે ભાગ પાડી શકાય. પ્રથમના ત્રણ નયો સામાન્ય અંશ તરફ લક્ષ્ય આપતા હોવાથી દ્રવ્યાર્થિક છે. અને બાકીના ચાર નયો પર્યાય તરફ લક્ષ્ય આપતા હોવાથી પર્યાયર્થિક છે. પહેલા ત્રણ નય અને છેલ્લા ચાર નય નીચે પ્રમાણે વહેંચી શકાય.

| | નૈગમ - સંગ્રહ - વ્યવહાર | ઋજુસૂત્ર - શબ્દ - સમભિરૂઢ - એવંભૂત |
|---|---|---|
| નિશ્ચય - વ્યવહાર | વ્યવહાર | નિશ્ચય |
| દ્રવ્યાર્થિક - પર્યાયાર્થિક | દ્રવ્યાર્થિક | પર્યાયાર્થિક |
| શબ્દ - અર્થ | અર્થ (ઋજુસૂત્ર સાથે ) | શબ્દ (ઋજુસૂત્ર નહિ ) |

જે ભાગ માત્ર સત્યનો વિચાર કરે અને જ્ઞાનને પ્રધાન માને તે "જ્ઞાન નય" જે ક્રિયાને પ્રધાન માને તે " ક્રિયા નય " . તેજ રીતે જે નય સામાન્ય અંશ સિવાય અન્ય અંશોનો સર્વથા નિષેધ કરે તે દુર્નય અને જે નય સામાન્ય અંશ સિવાય અન્ય અંશોનો સર્વથા નિષેધ ન કરે પરંતુ મધ્યસ્થ ભાવે તેના પ્રત્યે ઉદાસીન રહે તે સુનય.

: પહેલો અધ્યાય સંપૂર્ણ :